સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 13

[MAR - 2020]
[22/03/20 to 28/03/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



ICE CURRENT NEWS

કરંટ અફેર્સની તૈયારી હવે
વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો
અમારી YouTube ચેનલ

YouTube
ICE RAJKOT
SUBSCRIBE


કોઈ જઈને કહી દો,
રોગ સામે લડવા અને
નાથવા અમે તૈયાર છીએ

અમે છીએ
#CORONA WARRIORS

DEDICATED
TO
ALL WARRIORS




ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

## 22 MARCH, 2020 SUNDAY

### ➤ દિવસ મહિમા : 22 માર્ચ, વિશ્વ જળ દિવસ (World Water Day)




સમગ્ર વિશ્વમાં **શુદ્ધ પાણી**ના મહત્ત્વ અંગે જાગૃતિ ફેલાવવા માટે **યુનાઈટેડ નેશન્સ** દ્વારા દર વર્ષે **22 માર્ચ**ના રોજ **'વિશ્વ જળ દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો અન્ય એક હેતુ શુદ્ધ પાણીના સંસાધનોના શ્રેષ્ઠ મેનેજમેન્ટનો પણ છે.
- **યુનાઈટેડ નેશન્સ** દ્વારા સૌપ્રથમ વખત **22 માર્ચ, 1993**ના રોજ **પ્રથમ** **'વિશ્વ જળ દિવસ'**ની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ **2020**ની 'વિશ્વ જળ દિવસ'ની થીમ **'Water and Climate Change' (પાણી અને વાતાવરણ પરિવર્તન)** છે.

**નોંધ :** સંયુક્ત રાષ્ટ્ર દ્વારા **ડિસેમ્બર 1992**માં દર વર્ષે 22 માર્ચના રોજ 'વિશ્વ જળ દિવસ' ઉજવવાની સ્વીકૃતિ આપવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ કોરોના સંકટનો સામનો કરતા ઉદ્યોગો માટે SBI દ્વારા Covid 19 Emergency Credit Line યોજના લોન્ચ




ભારતમાં કોરોના વાઈરસની અસરથી પ્રભાવિત થયેલા ઉદ્યોગો–વ્યાપારીઓને વધુ ભંડોળ પૂરું પાડવા માટે ભારતની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેન્ક SBI દ્વારા એક યોજના લોન્ચ કરવામાં આવી છે.

- આ સાથે જ કોરોના વાઈરસની અસર સામે લડવા માટે આ પ્રકારની યોજના લાવનાર SBI **ભારતની પ્રથમ બેન્ક** બની ગઈ છે.
- **SBI** અથવા તો **State Bank of India** દ્વારા લોન્ચ કરવામાં આવેલી આ યોજનાનું નામ **Covid 19 Emergency Credit Line (CECL)** છે.

## SBIની CECL યોજનાની વિશેષતા

**SBI**ની આ યોજના અંતર્ગત ઉદ્યોગો–વ્યાપારીઓને વધુમાં વધુ **રૂ. 200 કરોડ** સુધીની લોન મળશે.

- તેનો વ્યાજ દર **7.25 ટકા** રહેશે.
- આ લોન મેળવવા માટે કોઈ વધારાની પ્રોસેસિંગ ફી કે પ્રિપેમેન્ટ પેનલ્ટી લેવામાં આવશે નહિ.
- ભારતમાં કોરોનાને કારણે અસ્થાયી રૂપે મૂડીમાં આવેલી ઘટને પૂરી કરવા માટે SBI દ્વારા આ યોજના લોન્ચ કરવામાં આવી છે.
- ડિમાન્ડ લોનના રૂપમાં આપવામાં આવનાર આ લોનની મુદત **12 મહિના**ની રહેશે.
- એટલે કે **12 મહિના**માં આ લોન પરત કરવાની રહેશે.
- ભારતમાં આ યોજના **30 જૂન, 2020** સુધી અમલમાં રહેશે.

## ➤ 'મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી (સંશોધન) બિલ 2020' લોકસભામાં પસાર

તાજેતરમાં માર્ચ 2020 દરમિયાન **'મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી (સંશોધન) બિલ 2020'** ભારતની લોકસભામાં પસાર કરવામાં આવ્યું છે.

### આ બિલ અંતર્ગત કયા એક્ટમાં સુધારો કરવામાં આવ્યો છે ?

- આ બિલ અંતર્ગત ભારતમાં **'મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી એક્ટ 1971'**માં સંશોધન કરવામાં આવશે.

### બિલની મહત્ત્વની જોગવાઈ

- તાજેતરમાં લોકસભામાં પસાર થયેલા આ બિલમાં ગર્ભપાતની મર્યાદા વધારીને **24 સપ્તાહ** કરવાની જોગવાઈ છે.
- ભારતમાં આ અગાઉ આ મર્યાદા **20 સપ્તાહ** સુધીની જ હતી.
- એટલે કે આ અગાઉ ભારતમાં મહિલાઓ વધુમાં વધુ **20 સપ્તાહ** સુધીના ગર્ભનું જ ગર્ભપાત કરાવી શકતી હતી. જોકે આ મર્યાદા વધારીને હવે **24 સપ્તાહ** કરવાનો પ્રસ્તાવ છે.
- આ બિલ અંગેની ચર્ચામાં ભારતના કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધને જણાવ્યું છે કે, ભારતમાં ફક્ત અસાધારણ સંજોગોમાં જ ગર્ભપાતની મંજૂરી આપવામાં આવશે. એ સિવાય ગર્ભપાત ગુનો ગણાશે. અને આ અંગે પૂરી સાવચેતી પણ રાખવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

## ICE Questions

1. 'વિશ્વ જળ દિવસ' (World Water Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 20 માર્ચ (B) 21 માર્ચ (C) 22 માર્ચ (D) 23 માર્ચ **(C)**

2. વર્ષ 2020ની 'વિશ્વ જળ દિવસ'ની થીમ શું છે ?
   (A) Why Waste Water ? (B) Nature for Water
   (C) Water and Climate Change (D) Water and Energy **(C)**

3. કોરોના સંકટનો સામનો કરતા વ્યાપાર ઉદ્યોગો માટે ભારતની કઈ બેન્ક દ્વારા CECL યોજના લોન્ચ કરવામાં આવી છે ?
   (A) RBI (B) SBI (C) HDFC (D) ICICI **(B)**

4. SBI દ્વારા લોન્ચ કરવામાં આવેલી CECL યોજનાનું પૂરું નામ શું છે ?
   (A) Covid 19 Emergency Credit Limit
   (B) Covid 19 Emergency Credit Line
   (C) Covid 19 Emergency Credit Loan
   (D) ત્રણમાંથી કોઈ નહિ **(B)**

5. SBIની 'Covid 19 Emergency Credit Line' (CECL) યોજનાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. આ યોજના અંતર્ગત વધુમાં વધુ રૂ. 300 કરોડ સુધીની લોન મળશે.
   2. આ યોજનામાં વ્યાજદર વાર્ષિક 7.25 ટકા હશે.
   3. આ લોનની મુદત 12 વર્ષની હશે.
   4. આ યોજના 30 જૂન, 2020 સુધી અમલમાં રહેશે.
   (A) 1, 2, 3, 4 (B) 1, 2, 4 (C) 2, 3, 4 (D) 2, 4 **(D)**

6. તાજેતરમાં ભારતની લોકસભામાં પસાર થયેલા 'મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી (સંશોધન) બિલ 2020' અંતર્ગત ભારતના કયા એકટમાં સંશોધન કરવામાં આવશે ?
   (A) મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી એકટ, 1961
   (B) મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી એકટ, 1971
   (C) મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી એકટ, 1981
   (D) મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી એકટ, 1991 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

7. લોકસભામાં પસાર થયેલા 'મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગનન્સી (સંશોધન) બિલ 2020'માં ભારતમાં ગર્ભપાતની મર્યાદા કેટલા સપ્તાહ કરવાનો પ્રસ્તાવ છે ?

(A) 20 (B) 22 (C) 24 (D) 25 **(C)**

## 23 MARCH, 2020 MONDAY

➤ **દિવસ મહિમા : 22 માર્ચ, (1) શહીદ ભગતસિંહ પુણ્યતિથિ**
**(2) વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ (World Meteorological Day)**

### શહીદ ભગતસિંહ પુણ્યતિથિ



23 માર્ચ, 1931ના રોજ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના વીર ક્રાન્તિકારી શ્રી ભગતસિંહ, શ્રી સુખદેવ અને શ્રી રાજગુરૂને 'લાહોર ષડયંત્ર કેસ'માં ફાંસી આપવામાં આવી હતી.

- આથી, આ વીર શહીદોની યાદમાં ભારતમાં દર વર્ષે 23 માર્ચના રોજ આ શહીદોની પુણ્યતિથિ ઉજવાય છે.

### વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ

World Meteorological Organizationની સ્થાપના 23 માર્ચ 1950ના રોજ થઈ હતી.

- આથી આ દિવસની યાદમાં દર વર્ષે 23 માર્ચના રોજ 'World Meteorological Day અથવા તો 'વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2020ની 'વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ'ની થીમ 'Climate and Water' (વાતાવરણ અને પાણી) છે.

**નોંધ** :(1) World Meteorological Organization એ સંયુક્ત રાષ્ટ્રની એક ખાસ શાખા છે.
(2) તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલું છે.
(3) 'વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ'ને 'વિશ્વ હવામાન દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXA

## ➢ ભારતના છત્તીસગઢના સુકમા જિલ્લામાં નકસલી હુમલામાં 17 જવાન શહીદ

22 માર્ચ, 2020ના રોજ ભારતમાં <u>છત્તીસગઢ</u>ના <u>સુકમા</u> જિલ્લામાં માઓવાદી અથવા તો નકસલવાદીઓ સાથે થયેલા એન્કાઉન્ટરમાં 17 જવાનો શહીદ થયા છે અને 14 જેટલા જવાનો ઘાયલ થયા છે.

- આ શહીદ જવાનોમાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (DRG), સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને કમાન્ડો બટાલિયન ફોર રિઝોલ્યૂટ એકશન (કોબ્રા) તથા CRPFના જવાનોનો સમાવેશ થાય છે.
- આ અથડામણમાં કેટલા માઓવાદીઓના મોત થયા છે તેની માહિતી આપવામાં આવી નથી.

**નોંધ :** <u>છત્તીસગઢ</u>ના <u>સુકમા</u> જિલ્લાને માઓવાદી અથવા તો નકસલવાદીઓનો ગઢ માનવામાં આવે છે. આ અગાઉ પણ અહીં અનેક મોટા નકસલી હુમલાઓ થયા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

## ➢ ભારતમાં કૃષિ નિકાસને પ્રોત્સાહન આપવા માટે APEDAના SFAC સાથે કરાર

ભારતમાં કૃષિ નિકાસ અને બજાર સંબંધી વિવિધ પ્રવૃત્તિઓમાં તાલમેલ લાવવા માટે APEDA દ્વારા SFAC સાથે કરાર કરવામાં આવ્યા છે.

- આ કરારનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં કૃષિ નિકાસને પ્રોત્સાહન આપવાનો તેમજ કૃષિ બજાર સુધી તેની પહોંચ ઉપલબ્ધ કરાવવાનો છે.

### APEDA

<u>APEDAનું</u> પૂરું નામ <u>Agricultural and Processed Food Products Export Development Authority</u> છે.


- આ સંસ્થા ભારત સરકારના <u>વ્યાપાર અને ઉદ્યોગ મંત્રાલય</u> અંતર્ગત કાર્ય કરે છે.
- તેની સ્થાપના સંસદના એક એક્ટ દ્વારા કરવામાં આવી હતી.

### SFAC

<u>SFACનું</u> પૂરું નામ <u>Small Farmer's Agribusiness Consortium</u> છે.

- SFACએ ભારતમાં નાના અને સીમાંત ખેડૂતોને ખેડૂત હિત જૂથો, ખેડૂત ઉત્પાદક સંગઠનો અને ખેડૂત ઉત્પાદક કંપનીઓ તરીકે સંગઠિત કરવા માટેનું એક અગ્રણી સંગઠન છે.

## ➤ ભારતમાં તમિલનાડુના ચેન્નાઈ ખાતે NCLTની નવી ન્યાયપીઠનો પ્રારંભ




માર્ચ 2020 દરમિયાન ભારતમાં તમિલનાડુના ચેન્નાઈ ખાતે NCLT એટલે કે National Company Law Tribunalની નવી ન્યાયપીઠનો પ્રારંભ થયો છે.

- ભારતમાં દક્ષિણ ભારતના રાજ્યો માટે આ ન્યાયપીઠનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- જોકે, ભારતમાં NCLTની દિલ્હી ન્યાયપીઠ જ ભારતમાં NCLTની મુખ્ય ન્યાયપીઠ અથવા તો મુખ્ય બેન્ચ તરીકે કાર્યરત રહેશે.
- NCLTની આ નવી ચેન્નાઈ બેન્ચમાં દક્ષિણ ભારતના તમિલનાડુ, કર્ણાટક, કેરળ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, લક્ષદ્વીપ અને પુડુચેરી માટે NCLTના આદેશો વિરુદ્ધની અરજીઓની સુનાવણી કરવામાં આવશે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### NCLT

NCLTનું પૂરું નામ National Company Law Tribunal છે.

- ભારતમાં કંપની સંબંધિત વિવિધ કેસોની સુનાવણી માટે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.
- ભારતમાં Companies Act 2013 અંતર્ગત આ ટ્રિબ્યુનલની સ્થાપના કરવામાં આવી છે.
- ભારતમાં શ્રી વી. બાલકૃષ્ણ એરાદી સમિતિની ભલામણથી 1 જૂન 2016થી આ ટ્રિબ્યુનલની સ્થાપના કરવામાં આવી છે.

**નોંધ** :(1) ભારતમાં NCLTની અનેક બેન્ચો આવેલી છે.

(2) જેમાંથી એક મુખ્ય બેન્ચ સહિત નવી દિલ્હીમાં NCLTની કુલ 6 બેન્ચો આવેલી છે.

(3) ગુજરાતમાં અમદાવાદ ખાતે પણ NCLTની બે બેન્ચો આવેલી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

ICE Questions

1. ભારતના વીર ક્રાંતિકારી શ્રી ભગતસિંહ, શ્રી સુખદેવ અને શ્રી રાજગુરુને ક્યારે ફાંસી આપવામાં આવી હતી ?
(A) 23 માર્ચ, 1930 (B) 23 માર્ચ, 1931
(C) 23 માર્ચ, 1932 (D) 23 માર્ચ, 1933
(B)

2. 'વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ' અથવા તો 'વિશ્વ હવામાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 21 માર્ચ (B) 22 માર્ચ (C) 23 માર્ચ (D) 24 માર્ચ
(C)

3. વર્ષ 2020ના 'વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ' અથવા તો 'વિશ્વ હવામાન દિવસ'ની થીમ શું છે ?
(A) Climate And World (B) Climate and Nature
(C) Climate and Water (D) Climate and Earth
(C)

4. માર્ચ 2020 દરમિયાન ભારતના કયા રાજ્યમાં થયેલા નકસલી હુમલામાં 17 જવાનો શહીદ થયા છે ?
(A) ઝારખંડ (B) ઉત્તરાખંડ (C) છત્તીસગઢ (D) મધ્યપ્રદેશ
(C)

5. માર્ચ 2020 દરમિયાન છત્તીસગઢના કયા જિલ્લામાં થયેલા નકસલી હુમલામાં 17 જવાનો શહીદ થયા છે ?
(A) સુકમા (B) દંતેવાડા (C) બસ્તર (D) બિલાસપુર
(A)

6. ભારતમાં કૃષિ નિકાસને પ્રોત્સાહન આપવા માટે APEDAએ કોની સાથે કરાર કર્યા છે ?
(A) SFSC (B) SFAC (C) SFRC (D) SFLC
(B)

7. દક્ષિણ ભારતના રાજ્યો માટે ભારતના કયા શહેરમાં NCLTની ન્યાયપીઠનો પ્રારંભ થયો છે ?
(A) વિશાખાપટ્ટનમ (B) ચેન્નાઈ (C) તિરુવનંતપુરમ (D) પુડુચેરી
(B)

8. NCLTના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેનું પૂરું નામ National Company Law Tribunal છે.
2. કંપની એક્ટ 2013 અંતર્ગત તેની સ્થાપના થઈ હતી.
3. શ્રી વી. બાલકૃષ્ણ એરાદી સમિતિની ભલામણથી 1 જૂન, 2016થી તેની સ્થાપના કરવામાં આવી છે.
(A) 1, 2, 3 (B) 1, 3 (C) 2, 3 (D) 1, 2
(A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ©

## 24 MARCH, 2020 TUESDAY

### ➤ દિવસ મહિમા : 24 માર્ચ, વિશ્વ ક્ષય (ટી.બી.) દિન




સમગ્ર વિશ્વમાં દર વર્ષે **24 માર્ચ**ના રોજ **'વિશ્વ ક્ષય દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- **24 માર્ચ 1882**ના રોજ **ડો. રોબર્ટ કોચ** નામના તબીબે સૌપ્રથમ વખત ક્ષય રોગનાં જંતુઓની શોધ કરી હતી.
- આથી, આ દિવસની યાદમાં દર વર્ષે **24 માર્ચ**ના રોજ **'વિશ્વ ક્ષય દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો હેતુ ક્ષયથી પીડાતા રોગીઓને શોધીને તેમને તેની સારવાર મફત મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવાનો છે.
- ક્ષયનો રોગ બીડી, સિગારેટ, તમાકુ વગેરેના વધુ પડતા સેવનના કારણે થાય છે.
- વર્ષ **2020**ની 'વિશ્વ ક્ષય દિવસ'ની થીમ **'It's time to end TB !'** છે.


#### TB

**ક્ષય રોગ**ને અંગ્રેજીમાં ટૂંકમાં **TB** તરીકે ઓળખવામાં આવે છે.

- **TB**નું પૂરું નામ **Tuberculosis** છે.
- ભારત સરકારની વર્ષ **2017**ની **આરોગ્ય નીતિ**માં ભારતમાંથી ટી.બી.નું ઉન્મૂલન કરવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે.
- આ અંતર્ગત વર્ષ **2025** સુધીમાં ભારતમાંથી ટી.બી.નું ઉન્મૂલન કરવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ શ્રી શિવરાજ સિંહ ચૌહાણ સૌથી વધુ ચોથી વખત મધ્યપ્રદેશના મુખ્યમંત્રી બન્યા



23 માર્ચ, 2020ના રોજ **શ્રી શિવરાજ સિંહ ચૌહાણે મધ્યપ્રદેશ**ના મુખ્યમંત્રી તરીકે **ચોથી વખત** શપથ લીધા છે.

- આ સાથે જ શ્રી શિવરાજ સિંહ ચૌહાણ સૌથી વધુ **ચાર વખત** મધ્યપ્રદેશના મુખ્યમંત્રી બનનાર **પ્રથમ** નેતા બની ગયા છે.
- મધ્યપ્રદેશના રાજ્યપાલ **શ્રી લાલજી ટંડને** શ્રી શિવરાજસિંહ ચૌહાણને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી તરીકેના આ શપથ અપાવ્યા હતા.

- મધ્યપ્રદેશના નવા મુખ્યમંત્રી તરીકે શ્રી શિવરાજસિંહ ચૌહાણે કોંગ્રેસના **શ્રી કમલનાથનું** સ્થાન લીધું છે.
- તાજેતરમાં **શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા** સહિત મધ્યપ્રદેશ કોંગ્રેસના **22 ધારાસભ્યો**એ ધારાસભ્યપદેથી રાજીનામું આપ્યું હતું.
- આથી, પોતાની સરકારે બહુમતી ગુમાવી દેતાં શ્રી કમલનાથે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું.

## શપથવિધિ

શપથવિધિ દરમિયાન **રાજ્યપાલ** મુખ્યમંત્રી અને અન્ય મંત્રીશ્રીઓને ભારતીય બંધારણના **ત્રીજા પરિશિષ્ઠ** અનુસાર **હોદ્દો અને ગુપ્તતા**ના શપથ અપાવે છે.

- ભારતીય બંધારણના **અનુચ્છેદ 164(3)** મુજબ રાજ્યપાલ દ્વારા આ શપથ અપાવવામાં આવે છે.
- આ શપથ **'ઈશ્વર'**ના નામે લેવામાં આવે છે.
- ભારતીય બંધારણના **અનુચ્છેદ 164** અંતર્ગત રાજ્યપાલ દ્વારા મુખ્યમંત્રીની નિમણૂક કરવામાં આવે છે.

**નોંધ :** (1) મધ્યપ્રદેશ વિધાનસભામાં કુલ સભ્ય સંખ્યા 230 છે. આ તમામ 230 સભ્યો ચૂંટાઈને આવે છે.

(2) શ્રી શિવરાજ સિંહ ચૌહાણે સૌપ્રથમ વખત 29 નવેમ્બર 2005ના રોજ મધ્યપ્રદેશના 17મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ 'સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટી બિલ 2019' ભારતની રાજ્યસભામાં પસાર

તાજેતરમાં ભારતની રાજ્યસભામાં **'સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટી બિલ 2019'** પસાર કરવામાં આવ્યું છે.

- આ બિલ અંતર્ગત ભારતની **ત્રણ યુનિવર્સિટી**ને **'સેન્ટ્રલ (કેન્દ્રીય) સંસ્કૃત યુનિવર્સિટી'**નો દરજ્જો આપવામાં આવશે.
- આ ત્રણ યુનિવર્સિટીઓમાં–

1. **નેશનલ સંસ્કૃત ઈન્સ્ટિટ્યૂટ, દિલ્હી (રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થા, દિલ્હી)**
2. **શ્રી લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાપીઠ, દિલ્હી અને**
3. **રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ, તિરુપતિ** નો સમાવેશ થાય છે.

## બિલનો ઉદ્દેશ

ભારતમાં <u>સંસ્કૃત ભાષાને</u> પ્રોત્સાહન આપવા માટે આ બિલ પસાર કરવામાં આવ્યું છે.

- આ બિલનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં સંસ્કૃત ભાષાને વધુ સશકત બનાવવાનો છે.

## ICE ? Questions

1. 'વિશ્વ ક્ષય દિન' અથવા તો 'વિશ્વ ટી.બી. દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 22 માર્ચ (B) 23 માર્ચ (C) 24 માર્ચ (D) 25 માર્ચ **(C)**

2. વર્ષ 2020ની 'વિશ્વ ક્ષય દિવસ'ની થીમ શું છે ?
   (A) It's time (B) I am stopping TB
   (C) Unite to End TB (D) It's time to end TB **(D)**

3. T.B.નું પૂરું નામ શું છે ?
   (A) Tuberculosis (B) Tubercurosis
   (C) Tubercunosis (D) Tubercumosis **(A)**

4. કયાં સુધીમાં ક્ષય અથવા તો ટી.બી.ના રોગનું ઉન્મૂલન કરવાનું ભારત સરકારનું લક્ષ્યાંક છે ?
   (A) 2020 (B) 2024 (C) 2025 (D) 2028 **(C)**

5. 23 માર્ચ 2020ના રોજ શ્રી શિવરાજ સિંહ ચૌહાણ કેટલામી વખત મધ્યપ્રદેશના મુખ્યમંત્રી બન્યા છે ?
   (A) બીજી (B) ત્રીજી (C) ચોથી (D) પાંચમી **(C)**

6. શ્રી શિવરાજ સિંહ ચૌહાણને મુખ્યમંત્રી પદના શપથ કોણે અપાવ્યા છે ?
   (A) શ્રી કલ્યાણ સિંહ (B) શ્રી લાલજી ટંડન
   (C) શ્રી બલરામ જાખડ (D) શ્રી સત્યવર્તી ચતુર્વેદી **(B)**

7. મધ્યપ્રદેશ વિધાનસભામાં કેટલી બેઠકો આવેલી છે ?
   (A) 210 (B) 220 (C) 230 (D) 240 **(C)**

8. ભારતની રાજ્યસભામાં પસાર થયેલા 'સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટી બિલ 2019' અંતર્ગત ભારતની કેટલી યુનિવર્સિટીને 'સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટી'નો દરજ્જો આપવાની જોગવાઈ કરવામાં આવી છે ?
   (A) 3 (B) 5 (C) 6 (D) 8 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

9. રાજ્યસભામાં પસાર થયેલા 'સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટી બિલ 2019' અંતર્ગત ભારતની ત્રણ યુનિવર્સિટીને 'કેન્દ્રીય સંસ્કૃત યુનિવર્સિટી'નો દરજ્જો આપવાની જોગવાઈ છે...આ ત્રણ યુનિવર્સિટીમાં નીચેનામાંથી કઈ યુનિવર્સિટીનો સમાવેશ થતો નથી ?
(A) નેશનલ સંસ્કૃત ઈન્સ્ટિટયૂટ, દિલ્હી (B) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાપીઠ, દિલ્હી
(C) રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ, તિરુપતિ (D) રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠ, ચેન્નાઈ **(D)**

## 25 MARCH, 2020 WEDNESDAY

### ➤ ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા 'MyGov Corona Helpdesk'નો પ્રારંભ

ભારતમાં હાલ **કોરોના વાઈરસ** અંગે લોકોમાં અનેક શંકા કુશંકાઓ ફેલાયેલી છે.

- આથી, આ સંજોગોમાં લોકોને કોરોના વાઈરસ વિશે સાચી માહિતી મળી રહે તે માટે કેન્દ્ર સરકારે **Whatsapp** પર એક ઓફિશિયલ ચેટ બોટ લોન્ચ કર્યું છે.
- જેને **'MyGov Corona Helpdesk'** નામ આપવામાં આવ્યું છે.
- આ હેલ્પડેસ્કનો લાભ લેવા માટે **9013151515** પર **હિન્દી અથવા અંગ્રેજી**માં **'નમસ્તે'** લખીને મેસેજ કરવાનો રહેશે.
- આ મેસેજ કરવાથી કોરોના વાઈરસ વિશે સાચી માહિતી મળી શકશે.
- આથી, લોકો અફવાઓથી દૂર રહે અને કોરોના વાઈરસ અંગે લોકો જાગૃત થાય તે માટે આ હેલ્પડેસ્ક લોન્ચ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ COVID 19 મહામારી સંબંધિત માહિતી માટે સાર્ક દેશો દ્વારા વેબસાઈટ લોન્ચ

**SAARC ડિઝાસ્ટર મેનેજમેન્ટ કેન્દ્ર** દ્વારા તાજેતરમાં **www.covid19-sdmc.org** નામથી એક વેબસાઈટ લોન્ચ કરવામાં આવી છે.

- સાર્ક દેશોમાં કોરોના વાઈરસ સંબંધિત માહિતી મળી રહે તે માટે આ વેબસાઈટ લોન્ચ કરવામાં આવી છે.
- તાજેતરમાં થયેલી સાર્ક દેશોની વીડિયો કોન્ફરન્સમાં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ આ વેબસાઈટ શરૂ કરવાનો પ્રસ્તાવ મૂકયો હતો.
- આ અંતર્ગત આ વેબસાઈટ શરૂ કરવામાં આવી છે.

## SAARC

SAARCનું પૂરું નામ South Asian Association for Regional Cooperation (દક્ષિણ એશિયાઇ ક્ષેત્રીય સહયોગ સંગઠન - દક્ષેસ) છે.

- સાર્ક એ દક્ષિણ એશિયામાં આવેલા 8 દેશોનું એક સંગઠન છે.
- આર્થિક અને ભૂરાજકીય સહયોગના ઉદ્દેશથી 8 ડિસેમ્બર, 1985ના રોજ આ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી.
- તેનું વડું મથક નેપાળના કાઠમંડુ ખાતે આવેલું છે.
- 8 ડિસેમ્બર, 1985ના રોજ બાંગ્લાદેશના ઢાકા ખાતે યોજાયેલી આ સંગઠનની પ્રથમ શિખર પરિષદમાં ભારત, બાંગ્લાદેશ, નેપાળ, ભૂટાન, શ્રીલંકા, માલદિવ અને પાકિસ્તાન એમ કુલ 7 દેશો દ્વારા આ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી.
- ત્યારબાદ એપ્રિલ 2007માં ભારતના નવી દિલ્હી ખાતે યોજાયેલા સાર્ક દેશોના 14મા સંમેલનમાં આ સંગઠનના 8મા સભ્ય દેશ તરીકે અફઘાનિસ્તાનનો સમાવેશ થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ IIT મદ્રાસમાં ભારતની પ્રથમ હાઈપરલૂપ પોડ સ્પર્ધા યોજાશે



જુલાઈ 2020 દરમિયાન ભારતમાં IIT મદ્રાસ ખાતે હાઈપરલૂપ પોડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

- ભારતમાં યોજાનાર આ પ્રથમ હાઈપરલૂપ પોડ સ્પર્ધા છે.
- ભારતમાં હાઈપરલૂપ પોડ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ વૈશ્વિક સ્પર્ધા માટે અમેરિકન કંપની સ્પેસ એક્સ દ્વારા નાણાકીય સહાય કરવામાં આવશે.
- હાઈપરલૂપ પોડ પરિવહન ખૂબ જ ઝડપી યાત્રા માટે ખૂબ જ ઉપયોગી છે.

**નોંધ :**(1) ભારતમાં મહારાષ્ટ્રના મુંબઈ અને પૂણે વચ્ચે ભારતની પ્રથમ હાઈપરલૂપ લાઈન બનાવવા માટેની મંજૂરી આપવામાં આવી છે.

(2) આ ઉપરાંત ભારતમાં આંધ્રપ્રદેશના અમરાવતી અને વિજયવાડા વચ્ચે પણ હાઈપરલૂપ પોડ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

ICE Questions

1. ભારતમાં કોરોના વાઈરસ અંગે જાગૃતિ ફેલાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા કયું હેલ્પડેસ્ક લોન્ચ કરવામાં આવ્યું છે?
   (A) Corona Helpdesk (B) India Helpdesk
   (C) India Corona Helpdesk (D) MyGov Corona Helpdesk **(D)**

2. ભારતમાં કયા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કેન્દ્ર સરકારે 'MyGov Corona Helpdesk' લોન્ચ કર્યું છે ?
   (A) Facebook (B) Twitter (C) Whatsapp (D) Instagram **(C)**

3. Covid 19 મહામારી સંબંધિત માહિતી માટે કયા સંગઠન દ્વારા www.covid19-sdmc.org નામની વેબસાઈટ લોન્ચ કરવામાં આવી છે ?
   (A) G-20 (B) SAARC (C) ASEAN (D) BIMSTEC **(B)**

4. સાર્કના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તેનું પૂરું નામ South Asian Association of Regional Cooperation છે.
   2. તેમાં 8 સભ્ય દેશો છે.
   3. તેનું વડું મથક બાંગ્લાદેશના ઢાકા ખાતે આવેલું છે.
   4. નેપાળના કાઠમંડુ ખાતે 8 ડિસેમ્બર, 1985ના રોજ તેની સ્થાપના થઈ હતી.
   (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2 (D) 2 **(D)**

5. સાર્ક દેશોના સભ્યોમાં નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થતો નથી ?
   (A) નેપાળ (B) માલદિવ (C) ઈન્ડોનેશિયા (D) ભૂટાન **(C)**

6. સાર્ક દેશોમાં 8મા સભ્ય તરીકે વર્ષ 2007માં કયા દેશનો સમાવેશ થયો હતો ?
   (A) શ્રીલંકા (B) નેપાળ (C) અફઘાનિસ્તાન (D) પાકિસ્તાન **(C)**

7. જુલાઈ 2020 દરમિયાન કઈ સંસ્થામાં ભારતની પ્રથમ હાઈપરલૂપ પોડ સ્પર્ધા યોજાશે ?
   (A) IIT મૈસૂર (B) IIT ચેન્નાઈ (C) IIT પૂણે (D) IIT મદ્રાસ **(D)**

8. ભારતમાં કયા બે શહેરો વચ્ચે ભારતના પ્રથમ હાઈપરલૂપ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે ?
   (A) મુંબઈ–ઈન્દોર (B) મુંબઈ–પૂણે
   (C) મુંબઈ–બેંગાલુરુ (D) મુંબઈ–થાણે **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 26 MARCH, 2020 THURSDAY

### ➤ ટોક્યો ઓલિમ્પિક 2020 એક વર્ષ માટે મોકૂફ

**ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC)** દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર **ટોકિયો ઓલિમ્પિક 2020**ને **એક વર્ષ** માટે મોકૂફ રાખવામાં આવી છે.

- **જાપાન**ના **ટોક્યો** ખાતે **24 જુલાઈથી 9 ઓગસ્ટ 2020** દરમિયાન આ ઓલિમ્પિક યોજાવાની હતી.
- જોકે કોરોના વાઈરસને કારણે સર્જાયેલા વિપરિત સંજોગોને કારણે આ ઓલિમ્પિકને એક વર્ષ માટે મોકૂફ રાખવામાં આવી છે.
- આ અગાઉ **કેનેડા અને ઓસ્ટ્રેલિયા** સહિતના દેશોએ ઓલિમ્પિકમાં ભાગ નહિ લેવાનો નિર્ણય કર્યો હતો.
- આથી, આ ઓલિમ્પિક મોકૂફ રાખવામાં આવી છે.
- જોકે, ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (IOC) દ્વારા કરવામાં આવેલી જાહેરાત અનુસાર અત્યાર સુધીમાં જે ખેલાડીઓ ઓલિમ્પિક 2020 ક્વોલિફાઈ થઈ ચૂક્યા છે. તે ખેલાડીઓનું સ્થાન ઓલિમ્પિક 2021માં નિશ્ચિત રહેશે. આથી તેમણે ફરીથી ક્વોલિફાય થવાની જરૂર રહેશે નહિ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** કોરોના વાઈરસના પ્રકોપને કારણે ટોક્યો ઓલિમ્પિક 2020માં ભાગ ન લેવાનો નિર્ણય કરનાર પ્રથમ દેશ **કેનેડા** છે.

### ઓલિમ્પિક ગેમ્સ

**ઓલિમ્પિક** અથવા તો **ઓલિમ્પિક ગેમ્સ** એ વિશ્વની સૌથી મોટી રમતગમત સ્પર્ધા છે.

- આ ઓલિમ્પિક બે ભાગમાં યોજાય છે :

  (1) Summer Olympics

  (2) Winter Olympics
- તાજેતરમાં જાપાનના ટોક્યો ખાતે **32મી Summer Olympics 2020**નું આયોજન કરવામાં આવ્યું હતું. જે હવે વર્ષ **2021**માં યોજાશે.

- આ અગાઉ વર્ષ **2016**માં **બ્રાઝિલ**ના **રિયો ડી જાનેરો** ખાતે **31મી Summer Olympics 2016**નું આયોજન થયું હતું.
- જ્યારે 2021બાદ વર્ષ **2024**માં **ફ્રાન્સના પેરિસ** ખાતે **33મી summer Olympics 2024** યોજાશે.
- આધુનિક ઈતિહાસમાં **IOC** દ્વારા **પ્રથમ** Summer Olympicsનું આયોજન **6થી 15 એપ્રિલ 1896** દરમિયાન **ગ્રીસ**ના **એથેન્સ** ખાતે થયું હતું.

**Summer Olympics નું આયોજન**

| ક્રમ | વર્ષ | શહેર | દેશ |
|---|---|---|---|
| પ્રથમ | 1896 | એથેન્સ | ગ્રીસ |
| 31મી | 2016 | રિયો ડી જાનેરો | બ્રાઝિલ |
| 32મી | 2020-21 | ટોક્યો | જાપાન |
| 33મી | 2024 | પેરિસ | ફ્રાન્સ |
| 34મી | 2028 | લોસ એન્જલસ | અમેરિકા |

**નોંધ :** (1) Summer Olympics દર ચાર વર્ષે યોજાય છે.

(2) **Summer Olympics** ને **'ગ્રીષ્મકાલીન ઓલિમ્પિક્સ'** કે **'ઉનાળુ ઓલિમ્પિક'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

જ્યારે **પ્રથમ** Winter Olympicsનું આયોજન **ફ્રાન્સ**ના **ચેમોનિક્સ(Chamonix)** ખાતે **1924**માં થયું હતું.

- આ અગાઉ **સાઉથ કોરિયા**ના **પીઓંગચેન્ગ** ખાતે વર્ષ **2018**માં **23મી** Winter Olympicsનું આયોજન થયું હતું.
- હવે પછી વર્ષ **2022**માં **ચીન**ના **બેઈજિંગ** ખાતે **24મી Winter Olympics** યોજાશે.

**Winter Olympics નું આયોજન**

| ક્રમ | વર્ષ | શહેર | દેશ |
|---|---|---|---|
| પ્રથમ | 1924 | ચેમોનિક્સ | ફ્રાન્સ |
| 23મી | 2018 | પીઓંગચેન્ગ | સાઉથ કોરિયા |
| 24મી | 2022 | બેઈજિંગ | ચીન |
| 25મી | 2026 | મિલાન, કોર્ટિના | ઈટલી |

INSTITUTE FOR COMPETITION

**નોંધ :** (1) Winter Olympics પણ દર ચાર વર્ષે યોજાય છે.

(2) સમર અને વિન્ટર ઓલિમ્પિક વચ્ચે બે વર્ષનો ગાળો હોય છે.

(3) Winter Olympicsને 'શીતકાલીન ઓલિમ્પિક્સ' કે 'શિયાળુ ઓલિમ્પિક' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(4) ઓલિમ્પિક ગેમ્સનું આયોજન IOC દ્વારા એટલે કે International Olympics Committee દ્વારા કરવામાં આવે છે.

## ➤ જમ્મુ કાશ્મીર માટે રૂપિયા 1 લાખ કરોડની મંજૂરી

નાણાકીય વર્ષ **2020-21** માટે જમ્મુ કાશ્મીર અને લદાખ માટેના બજેટ અંગેનું એક બિલ તાજેતરમાં ભારતની રાજ્યસભામાં પસાર કરવામાં આવ્યું છે.

- આ બિલમાં નવ રચિત કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર માટે રૂ. 1 લાખ કરોડની મંજૂરી આપવામાં આવી છે.
- આ બજેટમાં વિકાસ કાર્યો માટે સરકારે આ અગાઉના બજેટ કરતા આશરે 27 ટકા જેટલી રકમ વધારે ફાળવી છે.

## ➤ ભારતના વૈજ્ઞાનિકોએ ઉચ્ચ પ્રોટીનવાળા બાયો ફોર્ટિફાઈડ ઘઉંની નવી જાત વિકસાવી

ભારતમાં મહારાષ્ટ્રના પૂણે ખાતે આવેલી અગરકર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (ARI)ના વૈજ્ઞાનિકો ઘઉંની જાત સુધારવા માટે પ્રયાસો કરી રહ્યા છે.

- આ અંતર્ગત તેમણે **MACS 4028** નામની ઘઉંની એક નવી જાત વિકસાવી છે.
- જેમાં ઉચ્ચ કક્ષાનું પ્રોટીન 14.7 ટકા છે.
- આ ઉપરાંત ઉચ્ચ ગુણવત્તા ધરાવતી ઘઉંની આ જાતમાં ઝિંક તથા લોહ તત્ત્વનું પ્રમાણ પણ 40.3 PPM જેટલું છે.
- ઘઉંની આ જાતને ARI દ્વારા યૂનિસેફના એક વિશેષ કાર્યક્રમ અંતર્ગત ઉગાડવામાં આવી છે.

### UNICEF

**UNICEF**નું પૂરું નામ **United Nations International Children's Emergency Fund** છે.

- યૂનિસેફ એ સમગ્ર વિશ્વમાં બાળકોના કલ્યાણ અને વિકાસ માટે કાર્ય કરતી યુનાઈટેડ નેશન્સની એક સંસ્થા છે.
- તેની સ્થાપના **11 ડિસેમ્બર, 1946**ના રોજ થઈ હતી.
- તેનું વડું મથક અમેરિકાના ન્યુયોર્ક ખાતે આવેલું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. ઓલિમ્પિક 2020 અથવા તો સમર ઓલિમ્પિક 2020ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. 24 જુલાઈથી 9 ઓગસ્ટ 2020 દરમિયાન જાપાનના ટોકયો ખાતે તે યોજાવાની હતી.
   2. કોરોના પ્રકોપને કારણે તેને 8 માસ માટે સ્થગિત રાખવામાં આવી છે.
   3. હવે વર્ષ 2021માં આ ઓલિમ્પિક યોજાશે.

   (A) 1, 2, 3 (B) 1, 3
   (C) 2, 3 (D) 3 **(B)**

2. જાપાનના ટોકયો ખાતે યોજાનાર કેટલામી ઓલિમ્પિક એક વર્ષ માટે સ્થગિત રાખવામાં આવી છે ?
   (A) 24મી (B) 31મી
   (C) 32મી (D) 33મી **(C)**

3. આ અગાઉ સમર ઓલિમ્પિકસ 2016 કયાં યોજાઈ હતી ?
   (A) પેરિસ (B) પીઓંગચેન્ગ
   (C) રિયો ડી જાનેરો (D) બેઈજિંગ **(C)**

4. સમર ઓલિમ્પિક 2024 કયાં યોજાશે ?
   (A) ન્યુયોર્ક (B) પેરિસ
   (C) પીઓંગચેન્ગ (D) બેઈજિંગ **(B)**

5. સમર ઓલિમ્પિક 2028 કયાં યોજાશે ?
   (A) ન્યુયોર્ક (B) લોસ એન્જલસ
   (C) બેઈજિંગ (D) મોસ્કો **(B)**

6. ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કોના દ્વારા થાય છે ?
   (A) IAC (B) IOC
   (C) ISC (D) IFC **(B)**

7. કોરોના પ્રકોપને કારણે ટોકયો ઓલિમ્પિક 2020માં ભાગ ન લેવાનો નિર્ણય કરનાર વિશ્વનો પ્રથમ દેશ કયો છે ?
   (A) અમેરિકા (B) ઈંગ્લેન્ડ
   (C) કેનેડા (D) સ્વીડન **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

8. તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા ટોકયો ઓલિમ્પિક 2020 એક વર્ષ માટે સ્થગિત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?
(A) સ્પોર્ટ્સ મિનિસ્ટ્રી, જાપાન
(B) International Olympics Agency
(C) International Olympics Organisation
(D) International Olympics Committee (D)

9. IOC અથવા તો International Olympics Committeeનું વડું મથક કયાં આવેલું છે ?
(A) પેરિસ, ફ્રાન્સ (B) ટોકયો, જાપાન
(C) ન્યુયોર્ક, અમેરિકા (D) લ્યુસાને, સ્વિત્ઝર્લેન્ડ (D)
(નોંધ : 26 માર્ચ 2020ની સ્થિતિએ IOCના વર્તમાન અધ્યક્ષ Thomas Bach છે.)

10. નાણાકીય વર્ષ 2020-21 માટે જમ્મુ કાશ્મીર માટે કેટલા રૂપિયાના બજેટની મંજૂરી આપવામાં આવી છે ?
(A) રૂ. 80,000 કરોડ (B) રૂ. 1 લાખ કરોડ
(C) રૂ. 1.25 લાખ કરોડ (D) રૂ. 1.50 લાખ કરોડ (B)

11. તાજેતરમાં ચર્ચામાં રહેલ MACS 4028 ભારતીય વૈજ્ઞાનિકોએ વિકસાવેલ કયા પાકની નવી જાત છે ?
(A) ઘઉં (B) ચોખા
(C) તુવેર (D) બાજરી (A)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 27 MARCH, 2020 FRIDAY

➤ **દિવસ મહિમા : 27 માર્ચ, વિશ્વ રંગભૂમિ દિવસ (World Theater Day)**

### ➤ કોરોનાના પ્રકોપ વચ્ચે ગરીબોને મદદ માટે ભારતમાં રૂપિયા 1.70 લાખ કરોડની 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના'ની જાહેરાત




26 માર્ચ 2020ના રોજ ભારતના નાણામંત્રી **શ્રીમતી નિર્મલા સીતારામને** ભારતમાં **રૂપિયા 1.70 લાખ કરોડની 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના'**ની જાહેરાત કરી છે.

- કોરોના વાઈરસના પ્રકોપને કારણે ભારતમાં જાહેર કરવામાં આવેલા સંપૂર્ણ લોકડાઉનની સ્થિતિમાં ગરીબો તથા ભારતીય અર્થવ્યવસ્થાને મદદ મળી રહે તે માટે આ યોજના લોન્ચ કરવામાં આવી છે.
- ભારતમાં કોઈ ગરીબ ભૂખ્યો ન રહે એ આ યોજનાનો હેતુ છે.

## આ યોજનાની વિશેષતા

(1) **પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના** અંતર્ગત લાભાર્થી ગરીબોને **ત્રણ મહિના સુધી 5 કિલો** વધારાનું અનાજ ફ્રી મળશે. જેમાં **ઘઉં અને ચોખા**નો સમાવેશ થાય છે.
- આ ઉપરાંત **1 કિલો દાળ** પણ આપવામાં આવશે.
- ભારતમાં 80 કરોડ લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.

(2) **મહિલાઓના જનધન ખાતાઓ**માં આવતા **ત્રણ મહિના** સુધી દર મહિને **રૂ. 500** નાખવામાં આવશે.

(3) **મનરેગા યોજના** અંતર્ગત આપવામાં આવતી રકમ પ્રતિદિન **રૂ. 182**થી વધારીને **રૂ. 202** કરવામાં આવી છે.

(4) કોરોના વાઈરસ સામે લડતા **સ્વાસ્થ્ય કર્મચારીઓ**ને આવતા **ત્રણ મહિના** સુધી પ્રતિ વ્યક્તિ **રૂ. 50 લાખનું** વીમા કવચ આપવામાં આવશે.
- આ યોજનાથી 20 લાખ કર્મચારીઓને લાભ થશે. જેમાં સરકારી હોસ્પિટલોમાં કામ કરતાં ડોકટર, નર્સ, આશા વર્કર તથા સફાઈ કર્મચારી સહિત તમામ મેડિકલ સ્ટાફનો સમાવેશ થાય છે.

(5) એપ્રિલ મહિનાના પહેલા વીકમાં **PM KISAN યોજના**ના લાભાર્થી ખેડૂતોના ખાતામાં **રૂ. 2000** નાખવામાં આવશે.
- જેનાથી દેશના 8.60 કરોડ ખેડૂતોને લાભ થશે.

(6) ભારતમાં આશરે ત્રણ કરોડ જેટલા **વૃદ્ધો, વિધવા બહેનો અને દિવ્યાંગો**ને વધારાના **રૂ. 1000** આપવામાં આવશે.

(7) **ઉજ્જવલા યોજના**ના લાભાર્થીઓને આવતા **3 મહિના** સુધી **ગેસ સિલિન્ડર ફ્રી** આપવામાં આવશે.

(8) **દીનદયાળ યોજના** અંતર્ગત **સ્વસહાય જૂથની મહિલાઓ**ને **રૂ. 20 લાખ** સુધીની લોન મળશે.
- આ અગાઉ **રૂ. 10 લાખ** સુધી આ લોન આપવામાં આવતી હતી.

(9) આવતા **ત્રણ મહિના** સુધી EPF ખાતામાં કર્મચારી તથા કંપનીનો હિસ્સો સરકાર ચૂકવશે.
- જેમાં **કંપનીનો 12 ટકા** અને **કર્મચારીનો 12 ટકા** એમ PFનો કુલ **24 ટકા હિસ્સો** સરકાર ચૂકવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- **<u>100 કે તેથી ઓછા કર્મચારી</u>** ધરાવતી કંપનીના **<u>રૂ. 15,000 કે તેથી ઓછું</u>** વેતન ધરાવતા કર્મચારીઓને આ યોજનાનો લાભ મળશે.

(10) કર્મચારીઓ હવે તેમના PF ખાતામાંથી કુલ જમા રકમના **<u>75 ટકા</u>** સુધી રકમ ઉપાડી શકશે.

**નોંધ :** કેન્દ્ર સરકાર દ્વારા આ અગાઉ નીચેની જાહેરાતો પણ કરવામાં આવી હતી :

- ડેબિટ કાર્ડથી ATMમાંથી પૈસા કાઢવા પર આવતા <u>ત્રણ મહિના</u> સુધી કોઈ જ ચાર્જ લાગશે નહિ.
- ખાતાના મિનિમમ બેલેન્સમાં છૂટ આપવામાં આવી છે.
- ડિજિટલ ટ્રાન્જેકશન પર ઓછો ચાર્જ વસૂલવામાં આવશે.

## ICE Questions

1. 'વિશ્વ રંગભૂમિ દિવસ' અથવા તો 'World Theatre Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 25 માર્ચ (B) 26 માર્ચ
   (C) 27 માર્ચ (D) 28 માર્ચ **(C)**

2. 26 માર્ચ 2020ના રોજ ભારતમાં કોરોનાના પ્રકોપ વચ્ચે લોકડાઉન દરમિયાન ગરીબોને મદદ કરવા માટે કેન્દ્ર સરકારે કેટલા રૂપિયાના સહાય પેકેજની જાહેરાત કરી છે ?
   (A) રૂ. 1.50 લાખ કરોડ (B) રૂ. 1.70 લાખ કરોડ
   (C) રૂ. 1.90 લાખ કરોડ (D) રૂ. 2.10 લાખ કરોડ **(B)**

3. ભારતમાં કોરોનાના પ્રકોપ વચ્ચે લોકડાઉન દરમિયાન ગરીબોને સહાય કરવા માટે કેન્દ્ર સરકારે રૂ. 1.70 લાખ કરોડની કઈ યોજનાની જાહેરાત કરી છે ?
   (A) પ્રધાનમંત્રી કોરોના સહાય યોજના (B) પ્રધાનમંત્રી ગરીબ સહાય યોજના
   (C) પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (D) પ્રધાનમંત્રી ગરીબ રાહત યોજના **(C)**

4. 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'ના લાભાર્થી ગરીબોને ત્રણ મહિના સુધી વધારાનું કેટલા કિલોગ્રામ અનાજ ફ્રી મળશે ?
   (A) 3 (B) 5
   (C) 7 (D) 10 **(B)**

5. 26 માર્ચ, 2020ના રોજ કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર મહિલાઓના જનધન ખાતાઓમાં આવતા ત્રણ મહિના સુધી દર મહિને કેટલા રૂપિયા નાખવામાં આવશે ?
   (A) 500 (B) 800
   (C) 1000 (D) 1500 **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. કોરોના વાઈરસના પ્રકોપ દરમિયાન ગરીબોને સહાય કરવા માટે મનરેગા યોજના અંતર્ગત ગરીબોને આપવામાં આવતી મજૂરી પ્રતિદિન રૂ. 182થી વધારીને કેટલી કરવામાં આવી છે ?

(A) 200 (B) 202
(C) 210 (D) 212

(B)

7. ભારતમાં કોરોના વાઈરસ સામે લડતા સ્વાસ્થ્ય કર્મચારીઓને 26 માર્ચ 2020થી આગામી ત્રણ મહિના માટે પ્રતિ વ્યક્તિ કેટલા રૂપિયાનું વીમા કવચ આપવાની કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે ?

(A) રૂ. 20 લાખ (B) રૂ. 30 લાખ
(C) રૂ. 40 લાખ (D) રૂ. 50 લાખ

(D)

8. 26 માર્ચ 2020ના રોજ કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર એપ્રિલ 2020ના પહેલા વીકમાં PM KISAN યોજનાના લાભાર્થી ખેડૂતોના ખાતામાં કેટલા રૂપિયા જમા કરાવવામાં આવશે ?

(A) 1000 (B) 2000
(C) 2500 (D) 3000

(B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

9. 26 માર્ચ 2020ના રોજ કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર દીનદયાળ યોજના અંતર્ગત સ્વસહાય જૂથની મહિલાઓને હવે કેટલા રૂપિયા સુધીની લોન મળશે ?

(A) 10 લાખ (B) 15 લાખ
(C) 20 લાખ (D) 25 લાખ

(C)

10. 26 માર્ચ 2020ના રોજ કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત અનુસાર કેટલા કર્મચારીઓથી ઓછી સંખ્યા ધરાવતી કંપનીના કર્મચારીઓના EPF ખાતામાં આગામી ત્રણ મહિના સુધી તેમના PFનો હિસ્સો સરકાર ચૂકવશે ?

(A) 100 (B) 200
(C) 300 (D) 500

(A)

11. 26 માર્ચ 2020ના રોજ કેન્દ્ર સરકારે વૃદ્ધો, વિધવા બહેનો અને દિવ્યાંગોને વધારાના કેટલા રૂપિયા બે હપ્તામાં આપવાની જાહેરાત કરી છે ?


(A) 1000 (B) 1500
(C) 2000 (D) 3000

(A)

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 28 MARCH, 2020 SATURDAY

### ➤ ભારતમાં રેપો રેટમાં 0.75 ટકાનો ઘટાડો, રેપો રેટ 2004 પછીની સૌથી નીચી સપાટીએ




RBI ગવર્નર શ્રી શક્તિકાંતા દાસની અધ્યક્ષતામાં મુંબઇ ખાતે મળેલી RBIની મોનેટરી પોલિસીની બેઠકમાં 27 માર્ચ 2020ના રોજ ભારતમાં રેપો રેટમાં 0.75 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

- આથી, ભારતમાં રેપો રેટનો દર 5.15 ટકાથી ઘટીને 4.40 ટકા થઈ ગયો છે.
- જે વર્ષ 2004 પછીનો ભારતનો સૌથી નીચો રેપો રેટ છે.
- ભારતમાં રિવર્સ રેપો રેટમાં પણ 0.90 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે.
- આ સાથે જ રિવર્સ રેપો રેટ 4.90 ટકાથી ઘટીને 4.00 ટકા થઈ ગયો છે.
- આ ઉપરાંત CRRમાં પણ 1.00 ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે.
- જેથી CRR 4.00 ટકાથી ઘટીને 3.00 ટકા થઈ ગયો છે.
- છેલ્લા 7 વર્ષમાં પ્રથમ વખત CRRમાં આ ઘટાડો કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**RBI બેન્ક વ્યાજદરમાં ફેરફાર**

| ક્રમ | ઈન્ડીકેટર્સ | વ્યાજ દર નવો (ટકામાં) | વ્યાજ દર જૂનો (ટકામાં) |
|---|---|---|---|
| 1. | Repo Rate | 4.40 | 5.15 |
| 2. | Reverse Repo Rate | 4.00 | 4.90 |
| 3. | CRR | 3.00 | 4.00 |

RBI મોનેટરી પોલિસીના તમામ છ સભ્યો Rapo Rateમાં ઘટાડો કરવાના મુદ્દે સહમત હતા.

- પરંતુ ચાર સભ્યો 0.75 ટકા ઘટાડો કરવાની તરફેણમાં હતા. જ્યારે બે સભ્યો 0.50 ટકાનો ઘટાડો કરવાની તરફેણમાં હતા.
- આથી, Rapo Rateમાં ઘટાડાનો આ નિર્ણય 4 વિરુદ્ધ 2 સભ્યોની મંજૂરીથી લેવામાં આવ્યો છે.

## Rapo Rate, Reverse Rapo Rate અને CRR એટલે શું ?

- **RBI** અન્ય બેન્કોને જે દરે લોન આપે છે તે દરને **Rapo Rate** કહે છે.
- **RBI** અન્ય બેન્કો પાસેથી જે દરે લોન લે છે તે દરને **Reverse Repo Rate** કહે છે.
- **CRR**નું પૂરું નામ **Cash Reserve Ratio** છે. ભારતમાં બેન્કોએ તેની થાપણની ચોક્કસ ટકાવારીની રકમ રોકડ સ્વરૂપે હાથમાં રાખવી જરૂરી છે. જે બેન્કો RBIમાં જમા કરાવે છે. થાપણોની એ ટકાવારી કે જે બેન્કો દ્વારા અલગ રાખવી જરૂરી છે તેને **CRR** અથવા તો **Cash Reserve Ratio** તરીકે ઓળખવામાં આવે છે.

**નોંધ :** ભારતના નાણાકીય બજારમાં રોકડ નાણાંનો પ્રવાહ વધારવા માટે તેમજ લોકોને સસ્તા દરે લોન મળી રહે તે માટે ભારતમાં વિવિધ વ્યાજદરોમાં આ ઘટાડો કરવામાં આવ્યો છે.

## ➤ કોરોના લોકડાઉનને પગલે બેન્કના હપ્તા ભરવામાં ત્રણ માસની RBIની રાહત

કોરોના મહામારીને કારણે ભારતમાં જ્યારે 21 દિવસનો લોકડાઉનનો પિરિયડ ચાલી રહયો છે ત્યારે 27 માર્ચ 2020ના રોજ **RBI**એ ભારતમાં મધ્યમ વર્ગના લોકોને રાહત થાય એ માટે એક મહત્ત્વનો નિર્ણય કર્યો છે.

- આ નિર્ણય અંતર્ગત ભારતમાં **તમામ પ્રકારની ટર્મ લોનના EMI**ની ચૂકવણી **3 મહિના** સુધી મોકૂફ રાખવાની ધિરાણકર્તા સંસ્થાઓને પરવાનગી આપવામાં આવી છે.
- RBIના આ નિર્ણયથી 3 મહિના સુધી હોમ લોન, કોર્પોરેટ લોન, પર્સનલ લોન, કાર લોન, ઓટો લોન વગેરેના EMI ભરવામાંથી લોકોને મુક્તિ મળશે.
- RBI ગવર્નર શ્રી શક્તિકાંતા દાસે કરેલી જાહેરાત અનુસાર ભારતમાં તમામ કોમર્શિયલ બેન્ક, પ્રદેશિક ગ્રામીણ બેન્ક, નાની ફાઈનાન્સ બેન્ક, સહકારી બેન્ક અને નોન બેન્કિંગ ફાઈનાન્સિયલ કંપની (NBFC)ઓને **1 માર્ચ 2020**ના રોજ બાકી હોય તેવી તમામ પ્રકારની **ટર્મ લોન**ના **EMI**ની ચૂકવણી **ત્રણ મહિના** માટે મોકૂફ રાખવાની પરવાનગી આપવામાં આવી છે.
- ત્રણ મહિના EMIની ચૂકવણી નહિ કરવા પર કસ્ટમરની ક્રેડિટ હિસ્ટ્રી પર પણ કોઈ જ અસર નહિ થાય. લોનધારક ડિફોલ્ટર ગણાશે નહીં. તેના પર દંડાત્મક પગલાં લેવાશે નહિ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) EMIનું પૂરું નામ Eqeuated Monthly Installment છે.
(2) Term Loan એટલે એવી લોન કે જે ચોક્સ મુદત માટે લેવામાં આવી હોય. આવી લોનની ચૂકવણી નક્કી કરેલા હપ્તા અથવા તો EMI સ્વરૂપે કરવામાં આવે છે.

## RBIના તાજેતરના નિર્ણયનું મહત્ત્વ

RBI દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા વિવિધ નિર્ણયોથી ભારતની નાણાકીય સિસ્ટમમાં આશરે **3.74 લાખ કરોડ રૂપિયા** જેટલી રકમ ઠલવાશે.

- જેમાં **CRR**માં **1.00 ટકા**ના ઘટાડાથી સિસ્ટમમાં રૂપિયા **1.37 લાખ કરોડ** ઠલવાશે.
- RBIના આ પગલાથી લિકવિડિટીમાં એટલે કે ભારતમાં નાણાંના પ્રવાહમાં વધારો થશે, ફંડની પડતરમાં ઘટાડો થશે અને મધ્યમ વર્ગ તથા બિઝનેસને મદદ થશે.

**નોંધ :** (1) RBIએ બેન્કોને આગામી 3 મહિના માટે એટલે કે જૂન 2020 સુધી કંપનીઓ પાસેથી વર્કિંગ કેપિટલ લોન પર વ્યાજની વસૂલાત નહીં કરવાની પરવાનગી આપી છે.
(2) કંપનીઓ દ્વારા તેમના રોજિંદા ખર્ચ માટે આ વર્કિંગ કેપિટલ લોન લેવામાં આવે છે.

## ➤ બ્રિટનના PM શ્રી બોરિસ જોન્સન કોરોના પોઝિટિવ વિશ્વના પ્રથમ વડાપ્રધાન બન્યા




**બ્રિટન**ના વડાપ્રધાન **શ્રી બોરિસ જોન્સન**નો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે.

- આ સાથે જ **શ્રી બોરિસ જોન્સન** જેમનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો હોય એવા વિશ્વના **પ્રથમ** વડાપ્રધાન અથવા તો રાષ્ટ્રના વડા બની ગયા છે.
- બ્રિટનના વડાપ્રધાન ઉપરાંત **બ્રિટન**ના **આરોગ્ય પ્રધાન** અથવા તો **હેલ્થ સેક્રેટરી શ્રી મેટ્ટ હેન્કોક**નો પણ કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે.
- આ અગાઉ **બ્રિટન**ના **પ્રિન્સ ચાર્લ્સ**નો કોરોના ટેસ્ટ પણ પોઝિટિવ આવ્યો હતો.
- આમ, બ્રિટનના ટોચના નેતાઓ કોરોના વાઈરસની ઝપેટમાં આવી ગયા હોવાથી બ્રિટનમાં હાહાકાર મચી ગયો છે.

**નોંધ :** અમેરિકાના પ્રસિદ્ધ એક્ટર શ્રી માર્ક બ્લમનું તાજેતરમાં કોરોનાથી મૃત્યુ થયું છે. હોલિવુડમાં કોઈ એક્ટરનું કોરોનાથી નિધન થયું હોય તેવો આ પ્રથમ બનાવ હોવાનું કહેવાય છે.

## ➤ પ્રજાપિતા બ્રહ્માકુમારી સંસ્થાના વડા રાજયોગિની જાનકી દાદીનો નશ્વર દેહ પંચમહાભૂતમાં વિલીન



પ્રજાપિતા બ્રહ્માકુમારી સંસ્થાના વડા રાજયોગિની જાનકી દાદીનું 27 માર્ચ 2020ના રોજ માઉન્ટ આબુના બ્રહ્માકુમારીઝ હેડકવાર્ટર ખાતે 104 વર્ષની વયે નિધન થયું છે.

- તેમનો જન્મ 1916માં વર્તમાન પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં થયો હતો.
- તેમના નામે 'વિશ્વના સૌથી સ્થિર મનના મહિલા'નો રેકોર્ડ હતો.
- અમેરિકાના ટેકસાસ મેડિકલ અને સાયન્સ ઈન્સ્ટિટ્યૂટમાં વૈજ્ઞાનિકો દ્વારા પરીક્ષણ બાદ તેમને આ 'Most Stable mind in the world'થી નવાજવામાં આવ્યા હતા.
- ભારતમાં 'સ્વચ્છતા અભિયાન'ને પ્રોત્સાહન આપવા માટે વર્ષ 2015માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડૉ. જાનકી દાદીને 'સ્વચ્છ ભારત મિશન'ના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કર્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE ? Questions

1. 27 માર્ચ 2020ના રોજ ભારતમાં રેપો રેટમાં કેટલા ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે ?
   (A) 0.50 (B) 0.60
   (C) 0.75 (D) 0.90 **(C)**

2. 27 માર્ચ 2020ના રોજ ભારતમાં રિવર્સ રેપો રેટમાં કેટલા ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે ?
   (A) 0.50 (B) 0.60
   (C) 0.75 (D) 0.90 **(D)**

3. 27 માર્ચ 2020ના રોજ ભારતમાં CRRમાં કેટલા ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે ?
(A) 0.75 (B) 0.90
(C) 1.00 (D) 1.10 **(C)**

4. 28 માર્ચ 2020ની સ્થિતિએ ભારતમાં વર્તમાન રેપોરેટનો દર કેટલા ટકા છે ?
(A) 3.00 (B) 4.00
(C) 4.40 (D) 4.90 **(C)**

5. 28 માર્ચ 2020ની સ્થિતિએ ભારતમાં વર્તમાન રિવર્સ રેપોરેટનો દર કેટલા ટકા છે ?
(A) 3.00 (B) 4.00
(C) 4.40 (D) 4.90 **(B)**

6. 28 માર્ચ 2020ની સ્થિતિએ ભારતમાં વર્તમાન CRRનો દર કેટલા ટકા છે ?
(A) 3.00 (B) 4.00
(C) 4.40 (D) 4.90 **(A)**

7. કોરોના લોકડાઉનને પગલે ભારતમાં કઈ લોનના હપ્તા ભરવામાં લોકોને RBI દ્વારા ત્રણ માસની રાહત આપવામાં આવી છે ?
(A) ટર્મ લોન (B) લેબર લોન
(C) A અને B બંન્ને (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

8. RBI દ્વારા કઈ બેન્કોને 1 માર્ચ 2020ના રોજ બાકી હોય તેવી તમામ પ્રકારની ટર્મ લોનના EMIની ચૂકવણી ત્રણ મહિના માટે મોકૂફ રાખવાની પરવાનગી આપવામાં આવી છે ?
(A) સરકારી અને ખાનગી એમ તમામ કોમર્શિયલ બેન્કો
(B) સહકારી તેમજ પ્રાદેશિક ગ્રામીણ બેન્કો
(C) NBFC તેમજ સ્મોલ ફાઈનાન્સ બેન્કો
(D) ઉપરોક્ત તમામ **(D)**

9. EMIનું પૂરું નામ શું છે ?
(A) Equal Monthly Installment
(B) Equated Monthly Installment
(C) Economic Monthly Installment
(D) Economy Monthly Installment **(B)**

10. તાજેતરમાં કયા દેશના વડાપ્રધાનનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે કે જેઓ...જેમનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો હોય તેવા વિશ્વના પ્રથમ વડાપ્રધાન અથવા તો પ્રથમ રાષ્ટ્ર વડા બની ગયા છે ?
(A) ઈટલી (B) સ્પેન
(C) ઈરાન (D) બ્રિટન **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. બ્રિટનના કયા વડાપ્રધાનનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે ?
(A) શ્રી મેટ્ટ હેન્કોક (B) શ્રી પ્રિન્સ ચાર્લ્સ
(C) શ્રી જોન્સન હોવાર્ડ (D) શ્રી બોરિસ જોન્સન **(D)**

12. પ્રસિદ્ધ હોલિવુડ એક્ટર શ્રી માર્ક બ્લમનું કોરોના વાઈરસને કારણે નિધન થયું છે... તેમના દેશનું નામ શું છે ?
(A) બ્રિટન (B) ફ્રાન્સ
(C) અમેરિકા (D) સ્પેન **(C)**

13. ડો. જાનકી દાદીના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેઓ ગાયત્રી વિદ્યાપીઠ સાથે સંકળાયેલા હતા.
2. તેમને 'Most Stable mind in the world ' ખિતાબથી નવાજવામાં આવ્યા હતા.
3. તેઓ 'સ્વચ્છ ભારત મિશન'ના વડા હતા.
4. તેમનો જન્મ રાજસ્થાનમાં થયો હતો.
(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3 (D) 2 **(D)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાત સરકાર દ્વારા ગરીબ પરિવારોને એપ્રિલ મહિનામાં વિનામૂલ્યે 1 માસનું રાશન આપવામાં આવશે

કોરોના લોકડાઉનને પગલે ગુજરાતનો ગરીબ અને શ્રમિક વર્ગ સરળતાથી પોતાનું જીવનનિર્વાહ ચલાવી શકે તે માટે ગુજરાત સરકારે તેમને **એપ્રિલ** મહિનામાં **1 માસનું રાશન** વિનામૂલ્યે આપવાની જાહેરાત કરી છે. આ અંતર્ગત ગુજરાતમાં રેશન કાર્ડ ધરાવતા ગરીબોને સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનેથી **વ્યક્તિ દીઠ 3.60 કિલો ઘઉં અને 1.5 કિલો ચોખા** તેમજ **રેશન કાર્ડ દીઠ 1 કિલો ખાંડ, 1 કિલો દાળ અને 1 કિલો મીઠું** વિનામૂલ્યે આપવામાં આવશે.

# ભારત

## ➤ ભારતના પ્રસિદ્ધ મહિલા બોક્સર અને રાજ્યસભાના સભ્ય સુશ્રી મેરી કોમ દ્વારા ક્વોરેન્ટાઈનનો ભંગ

ભારતના પ્રસિદ્ધ મહિલા બોક્સર સુશ્રી એમ. સી. મેરી કોમ 13 માર્ચ 2020ના રોજ જોર્ડનથી ભારત પરત ફર્યા હતા. તાજેતરમાં કોરોના વાઈરસની મહામારીને કારણે જોર્ડનના અમ્માન ખાતે યોજાયેલી એશિયન ઓલિમ્પિક ક્વોલિફાયર્સમાં ભાગ લઈને ભારત પરત ફરેલા તમામ બોક્સરને 14 દિવસ ક્વોરન્ટાઈનનો (એટલે કે 14 દિવસના એકાંતવાસનો) આદેશ અપાયો હતો. જોકે સુશ્રી એમ. સી. મેરી કોમ આ આદેશનો ભંગ કરીને 18 માર્ચ 2020ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે રાષ્ટ્રપતિ ભવનમાં યોજેલા બ્રેકફાસ્ટ ફંકશનમાં ઉપસ્થિત રહ્યા હતા. આથી આ અંગે વિવાદ સર્જાયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ મૂડીઝના અંદાજ અનુસાર વર્ષ 2020માં ભારતનો GDP 2.5 ટકા રહેવાની સંભાવના

માર્ચ 2020 દરમિયાન પ્રસિદ્ધ થયેલા મૂડીઝના અંદાજ અનુસાર વર્ષ 2020 અથવા તો નાણાકીય વર્ષ 2020-21માં ભારતનો GDP વૃદ્ધિ દર 2.5 ટકા રહેવાની સંભાવના છે. જોકે, આ અગાઉ પ્રસિદ્ધ થયેલા મૂડીઝના રિપોર્ટમાં ભારતનો GDP વૃદ્ધિ દર 5.3 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો. જે હવે ઘટાડીને 2.5 ટકા કરવામાં આવ્યો છે. કોરોના સંકટને કારણે આ ઘટાડો કરવામાં આવ્યો છે.

## ➤ કોરોના સામે લડવા બજેટમાં ફંડની ફાળવણી કરનાર દિલ્હી ભારતનું પ્રથમ રાજ્ય અથવા તો કેન્દ્રશાસિત પ્રદેશ બન્યું

દિલ્હીમાં ભવ્ય વિજય બાદ શ્રી કેજરીવાલ સરકારે દિલ્હી વિધાનસભામાં પોતાનું બજેટ રજૂ કર્યું હતું. જેમાં કોરોના વાઈરસ સામે લડવા માટે દિલ્હી સરકારે બજેટમાં રૂ. 50 કરોડની ફાળવણી કરી છે. આ સાથે જ કોરોના વાઈરસ માટે બજેટમાં ફંડ ફાળવનાર દિલ્હી ભારતનું પ્રથમ રાજ્ય અથવા તો કેન્દ્રશાસિત પ્રદેશ બની ગયું છે.

## ➤ કોરોના સામે લડવા RBI ટર્મ રેપો હરાજીથી 1 લાખ કરોડ બેન્કિંગ સિસ્ટમમાં ઠાલવશે

કોરોના વાઈરસને કારણે ભારતના નાણાકીય બજારો પર પડેલી પ્રતિકૂળ અસરને ઓછી કરવા માટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)એ ટર્મ રેપો હરાજીથી રૂપિયા 1 લાખ કરોડ બેન્કિંગ સિસ્ટમમાં ઠાલવવાનો નિર્ણય કર્યો છે. આ અંતર્ગત 23 માર્ચ 2020ના રોજ RBIએ ટર્મ રેપો રેટ હેઠળ રૂ. 50,000 કરોડનો પ્રથમ હપ્તો જારી કર્યો હતો. જ્યારે રૂ. 50,000 કરોડનો બીજો હપ્તો 24 માર્ચ 2020ના રોજ જારી કરવાની RBIએ જાહેરાત કરી હતી.

## ➤ ભારતમાં માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા 'સ્કૂલ આરોગ્ય કાર્યક્રમ' લોન્ચ

ભારતમાં માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા 'સ્કૂલ આરોગ્ય કાર્યક્રમ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. ભારતમાં સ્કૂલના બાળકોના આરોગ્ય પર નજર રાખવા માટે ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય સાથે મળીને માનવ સંસાધન વિકાસ મંત્રાલયે આ કાર્યક્રમની શરૂઆત કરી છે. ભારતમાં 'આયુષ્માન ભારત યોજના' અંતર્ગત આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે.

## ➤ નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા ભારતમાં #StayHomeIndiaWithBooks પહેલ લોન્ચ

ભારતમાં કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય અંતર્ગતના નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા ભારતમાં #StayHomeIndiaWithBooks પહેલ લોન્ચ કરવામાં આવી છે. લોકડાઉન દરમિયાન ભારતમાં લોકો ઘરે બેઠા પ્રસિદ્ધ પુસ્તકો વાંચી શકે તે માટે આ પહેલ શરૂ કરવામાં આવી છે. આ અંતર્ગત નેશનલ બુક ટ્રસ્ટ (NBT) દ્વારા તેના સૌથી વધુ વેચાતા 100થી વધુ પુસ્તકોની PDF તેની વેબસાઈટ પર મૂકવામાં આવી છે. જેને લોકો ફ્રીમાં ડાઉનલોડ કરી શકશે.

## ➤ ભારતના પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી સતીશ ગુજરાલનું નિધન

ભારતના પ્રસિદ્ધ ચિત્રકાર, મૂર્તિકાર, વાસ્તુકાર, લેખક અને ગ્રાફિક ડિઝાઈનર શ્રી સતીશ ગુજરાલનું 26 માર્ચ 2020ના રોજ 94 વર્ષની વયે નિધન થયું છે. તેમનો જન્મ 25 ડિસેમ્બર 1925ના રોજ વર્તમાન પાકિસ્તાનના પંજાબના ઝેલમમાં થયો હતો. તેમને વર્ષ 1999માં પદ્મ વિભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## વિશ્વ

### ➤ કોરોના વાઈરસ સામે સારવાર માટે અમેરિકા દ્વારા બે દવાઓને મંજૂરી

અમેરિકાના રાષ્ટ્રપતિ **શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે** કોરોના વાઈરસ સામે સારવાર માટે **અમેરિકા**માં બે દવાઓને મંજૂરી આપી છે. આ બે દવાઓના નામ **(1) હાઈડ્રોક્સીક્લોરોક્વીન અને (2) એજિથ્રોમાઈસિન** છે. કોરોનાના ઈલાજ માટે આ બંને દવા ખૂબ જ ઉપયોગી હોવાનું કહેવાય છે. **અમેરિકા** દ્વારા આ ઉપરાંત કોરોના વાઈરસની નવી રસીની શોધ માટે આ રસીના **માનવ પરીક્ષણની પણ મંજૂરી** આપવામાં આવી છે.

### ➤ વિશ્વના 190 દેશોમાં અર્થ અવર 2020ની ઉજવણી

**28 માર્ચ, 2020**ના રોજ વિશ્વના 190 દેશોમાં **અર્થ અવર 2020**ની ઉજવણી કરવામાં આવી છે. આ અંતર્ગત 28 માર્ચ 2020ના રોજ **રાત્રે 8 : 30 થી 9 : 30** દરમિયાન **1 કલાક** માટે બિનજરૂરી વીજ ઉપકરણો બંધ રાખવામાં આવ્યા હતા. સમગ્ર વિશ્વમાં ક્લાયમેટ ચેન્જ અંગે જાગૃતિ લાવવા અને પર્યાવરણની સુરક્ષા માટે **'World Wide Fund For Nature' (WWFN)** દ્વારા વર્ષ **2007**થી **'અર્થ અવર'**ની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે **દર વર્ષે માર્ચ મહિનાના છેલ્લા શનિવારે** 'અર્થ અવર'ની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ કોરોના મહામારી સામે લડવા G-20 દેશોના વડાઓની વીડિયો કોન્ફરન્સ યોજાઈ

કોરોના મહામારીથી સર્જાયેલી વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે ચર્ચા વિચારણા કરવા **26 માર્ચ 2020**ના રોજ **G-20** દેશોના વડાઓની **વીડિયો કોન્ફરન્સ**નું અથવા તો **વર્ચ્યુઅલ શિખર સંમેલન**નું આયોજન થયું હતું. જેમાં ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ ભાગ લીધો હતો. આ કોન્ફરન્સનું આયોજન **સાઉદી અરેબિયા** દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કોરોના મહામારી સામે લડવા માટે **5 ટ્રિલિયન ડોલર**થી વધુનું ફંડ એકત્ર કરીને વિશ્વ અર્થવ્યવસ્થામાં તેનો ખર્ચ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

ICE Questions

- કોરોના લોકડાઉનને પગલે ગુજરાત સરકાર દ્વારા રેશન કાર્ડ ધરાવતા ગરીબ પરિવારોને ગુજરાત સરકારે કેટલા માસનું રાશન ફ્રી આપવાની જાહેરાત કરવામાં આવી છે ?

  – એક
- કોરોના લોકડાઉનને પગલે ગુજરાત સરકાર દ્વારા રેશન કાર્ડ ધરાવતા ગરીબ પરિવારોને એપ્રિલ માસમાં વ્યક્તિ દીઠ કેટલા ઘઉં અને ચોખા ફ્રી આપવાની જાહેરાત કરવામાં આવી છે ? – 3.5 કિલો ઘઉં અને 1.5 કિલો ચોખા
- કોરોના લોકડાઉનને પગલે ગુજરાત સરકાર દ્વારા રેશન કાર્ડ ધરાવતા ગરીબ પરિવારોને એપ્રિલ માસમાં કાર્ડ દીઠ કઈ ખાદ્ય ચીજો 1-1 કિલો ફ્રી આપવાની જાહેરાત કરવામાં આવી છે ? – દાળ, ખાંડ અને મીઠું
- ભારતના કયા ખેલાડી દ્વારા 18 માર્ચ 2020ના રોજ ક્વોરેન્ટાઈનનો ભંગ કરવામાં આવ્યો હતો ? – સુશ્રી એમ. સી. મેરી કોમ
- કોરોના મહામારીને કારણે મૂડીઝના અંદાજ અનુસાર વર્ષ 2020 અથવા તો નાણાકીય વર્ષ 2020-21માં ભારતનો GDP વિકાસ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ? – 2.5 ટકા
- કોરોના મહામારી સામે લડવા માટે બજેટમાં ફંડ ફાળવનાર ભારતનું પ્રથમ રાજ્ય અથવા તો કેન્દ્રશાસિત પ્રદેશ કયો છે ? – દિલ્હી
- કોરોના મહામારી સામે લડવા માટે RBI દ્વારા ટર્મ રેપો હરાજીથી ભારતની બેન્કિંગ સિસ્ટમમાં કેટલા રૂપિયા ઠાલવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?

  – રૂ. 1 લાખ કરોડ
- ભારતમાં સ્કૂલના બાળકોના આરોગ્ય પર નજર રાખવા માટે ભારતના માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા કયા કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?

  – સ્કૂલ આરોગ્ય કાર્યક્રમ
- ભારતમાં માનવ સંસાધન વિકાસ મંત્રાલય અંતર્ગતના કયા વિભાગ અથવા તો કઈ સંસ્થા દ્વારા #StayHomeIndiaWithBooks પહેલ લોન્ચ કરવામાં આવી છે ?

  – નેશનલ બુક ટ્રસ્ટ (NBT)
- તાજેતરમાં શ્રી સતીશ ગુજરાલનું નિધન થયું છે...તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?

  – ચિત્ર (ઉપરાંત શિલ્પ અને સ્થાપત્ય)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતના પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી સતીશ ગુજરાલનું તાજેતરમાં નિધન થયું છે.... તેમને કયો પદ્મ પુરસ્કાર એનાયત થયો હતો ? – પદ્મ વિભૂષણ (1999)
- કોરોના વાઈરસ સામે સારવાર માટે અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે કઈ બે દવાની મંજૂરી આપી છે ? – હાઈડ્રોક્સીક્લોરોક્વીન અને એજિથ્રોમાઈસિન
- માર્ચ 2020 દરમિયાન કયા દેશ દ્વારા કોરોના વાઈરસની રસીના માનવ પરીક્ષણની મંજૂરી આપવામાં આવી હતી ? – અમેરિકા
- વર્ષ 2020માં કયા દિવસે અર્થ અવરની ઉજવણી કરવામાં આવી હતી ? – 28 માર્ચ
- અર્થ અવરની ઉજવણી દરમિયાન કયા એક કલાકના સમય દરમિયાન બિનજરૂરી વીજ ઉપકરણો બંધ રાખવામાં આવે છે ? – રાત્રે 8 : 30 થી 9 : 30
- સમગ્ર વિશ્વમાં દર વર્ષે સામાન્ય રીતે કયા દિવસે WWFN દ્વારા ‘અર્થ અવર’ની ઉજવણી કરવામાં આવે છે ? – માર્ચ મહિનાના છેલ્લા શનિવારે
- 26 માર્ચ 2020ના રોજ કયા દેશ દ્વારા G-20 દેશોના વડાઓની વીડિયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું ? – સાઉદી અરેબિયા
- 26 માર્ચ 2020ના રોજ મળેલી G-20 દેશોના વડાઓની વીડિયો કોન્ફરન્સમાં કોરોના મહામારી સામે લડવા માટે કેટલા ડોલરથી વધુનું ફંડ એકઠું કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – 5 ટ્રિલિયન ડોલર

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. વર્ષ 2001માં ફડચામાં ગયેલી કઈ બેન્કે તેના થાપણદારોને તાજેતરમાં રૂ. 40 કરોડ જેટલી રકમ ચૂકવવાનો નિર્ણય કર્યો છે ? – માધવપુરા બેન્ક
2. અનેક ફિલ્મોમાં સહ અભિનેતાની ભૂમિકા ભજવનાર શ્રી જયરામ કુલકર્ણીનું તાજેતરમાં નિધન થયું છે....તેઓ કયા રાજ્યના પ્રસિદ્ધ અભિનેતા હતા ? – મહારાષ્ટ્ર
(મરાઠી કલાકાર શ્રી જયરામ કુલકર્ણીએ અનેક મરાઠી ફિલ્મો તથા નાટકોમાં પણ કામ કર્યું હતું.)

3. ઈરાકના રાષ્ટ્રપતિ શ્રી બરહમ સાલેહે ઈરાકના નવા વડાપ્રધાન તરીકે કોને નામાંકિત કર્યા છે ? – શ્રી અદનાન ઝુરફી

(ઈરાકના નવા વડાપ્રધાન તરીકે શ્રી અદનાન ઝુરફી તાજેતરમાં જ ઈરાકના વડાપ્રધાન પદેથી રાજીનામું આપનાર શ્રી આદિલ અબ્દેલ મેહદીનું સ્થાન લેશે.)

4. 20 માર્ચ, 2020ના રોજ 'નિર્ભયા કેસ'ના ચારેય આરોપીઓને તિહાર જેલમાં ફાંસી આપવામાં આવી છે... આ માટે કઈ કોર્ટ દ્વારા કુલ ચાર વખત 'ડેથ વોરંટ' જારી કરવામાં આવ્યું હતું ? – પટિયાલા હાઉસ કોર્ટ

5. IHBTના સંશોધકોએ તાજેતરમાં એક વિશિષ્ટ પ્રકારનું હેન્ડ સેનિટાઈઝર બનાવ્યું હોવાનું કહેવાય છે.... IHBTનું પૂરું નામ શું છે ?

– Institute of Himalayan Bioresource Technology

(આ સંસ્થા હિમાચલ પ્રદેશના પાલમપુર ખાતે આવેલી છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. ગુજરાતના મહેસૂલ મંત્રી શ્રી કૌશિક પટેલે ગુજરાતમાં સ્ટેમ્પ વેન્ડરને કોઈપણ મૂલ્યના સ્ટેમ્પ પર સ્ટેમ્પ દીઠ કેટલા રૂપિયાનું વધારાનું કમિશન આપવાની જાહેરાત કરી છે ? – રૂ. 10

7. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા યુનિસેફના રિપોર્ટ અનુસાર ડાયરિયા, સંક્રમણ અને કૂપોષણને કારણે વિશ્વના કયા દેશોમાં દર 10 મિનિટે ઓછામાં ઓછા એક બાળકનું મોત થઈ જાય છે ?

– યમન અને સીરિયા

8. તાજેતરમાં કઈ તારીખના રાત્રીના 12 : 00 વાગ્યાથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં 21 દિવસના સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી હતી ? – 24 માર્ચ, 2020

9. 20 માર્ચ, 2020ના રોજ કયા દેશે પોતાની પ્રથમ હાઈપરસોનિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે ? – અમેરિકા

10. કોરોના વાઈરસને કારણે ભારતમાં કઈ તારીખે યોજાનાર રાજ્યસભાની ચૂંટણી મોકૂફ રાખવાનો ચૂંટણી પંચે નિર્ણય કર્યો છે ? – 26 માર્ચ

11. ભારતમાં ક્વોરોન્ટાઈનમાં રાખેલા લોકોની ઓળખ માટે ચૂંટણીમાં વપરાતી શાહીનો ઉપયોગ કરવાની પરવાનગી ભારત સરકારના કયા વિભાગે અથવા તો મંત્રાલયે આપી છે ?

– ચૂંટણી પંચ

12. 25 માર્ચ 2020ના રોજ કયા શહેરમાં આવેલા ગુરુદ્વારા પર થયેલા આતંકી હુમલામાં 25 લોકોનાં મોત થયા છે ? – કાબુલ
(અફઘાનિસ્તાનના કાબુલ ખાતે આવેલા હર રાય સાહિબ ગુરુદ્વારામાં આ આતંકી હુમલો થયો હતો. IS એટલે કે ઈસ્લામિક સ્ટેટના આતંકીઓએ આ હુમલાની જવાબદારી સ્વીકારી છે.)

13. તાજેતરમાં ભારત અને કયા દેશની નૌસેના દ્વારા Reunion Island પરથી પ્રથમ વખત સંયુક્ત પેટ્રોલિંગ કરવામાં આવ્યું છે ? – ફ્રાન્સ

14. અમેરિકાની સંસદ દ્વારા કોરોના વાઈરસ માટે કેટલા ડોલરના અમેરિકાના ઈતિહાસના સૌથી મોટા આર્થિક પેકેજની મંજૂરી આપવામાં આવી છે ? – 2.2 ટ્રિલિયન ડોલર

15. કોરોના સંકટ વચ્ચે ભારતમાં નાણાકીય પ્રવાહને વેગ આપવા માટે RBI દ્વારા કેટલા કરોડ રૂપિયાના બોન્ડ ખરીદવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – 30,000 કરોડ
(જેમાંથી RBI 24 માર્ચ 2020ના રોજ 15,000 કરોડ અને 30 માર્ચ 2020ના રોજ રૂ. 15,000 કરોડના બોન્ડ ખરીદશે.)

16. WIHG અથવા તો વાડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ હિમાલયન જિયોલોજી, દહેરાદૂનના વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસ અનુસાર હિમાલયના અન્ય ગ્લેસિયરની તુલનાએ કયા વિસ્તારના ગ્લેસિયર ખૂબ જ ઝડપથી પીગળી રહ્યા છે ? – સિક્કિમના

17. તાજેતરમાં કઈ કંપનીએ મુંબઈમાં ભારતની પ્રથમ COVID 19 હોસ્પિટલનો પ્રારંભ કર્યો છે ? – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL)

18. ICMR અથવા તો Indian Council of Medical Research દ્વારા ભારતમાં કોરોના વાઈરસના ઈલાજ માટે કઈ દવાની ભલામણ કરવામાં આવી છે ?
– હાઈડ્રોક્સીક્લોરોક્વીન

19. માર્ચ, 2020 દરમિયાન કેન્દ્રીય મંત્રીમંડળે ભારત અને કયા દેશ વચ્ચે પ્રત્યાર્પણ સંધિ પર થયેલા હસ્તાક્ષરને મંજૂરી આપી છે ? – બેલ્જિયમ

20. ભારતની સેના દ્વારા કોરોના વાઈરસ સામે લડવા માટે કયું ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે ? – ઓપરેશન નમસ્તે

21. કોરોના લોકડાઉનને કારણે ભારતમાં નાણાકીય વર્ષ 2018-19 માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની અંતિમ તારીખ 31 માર્ચ 2020થી વધારીને કેટલી કરવામાં આવી છે ?
– 30 જૂન, 2020

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

22. કોરોના લોકડાઉનને કારણે ભારતમાં આધાર કાર્ડને પાનકાર્ડ સાથે જોડવાની અંતિમ તારીખ 31 માર્ચ 2020થી વધારીને કેટલી કરવામાં આવી છે ? – 30 જૂન, 2020

23. ભારતમાં કેન્દ્ર સરકારે તાજેતરમાં કેબિનેટની બેઠકમાં કઈ બેન્કોના પુનર્મૂડીકરણની પ્રક્રિયાને મંજૂરી આપી છે ? – પ્રાદેશિક ગ્રામીણ બેન્કો

24. માર્ચ 2020 દરમિયાન કેન્દ્રીય મંત્રીમંડળે ભારત અને કયા દેશ વચ્ચે રેલવે ક્ષેત્રમાં સહયોગ માટે થયેલા હસ્તાક્ષરને મંજૂરી આપી છે ? – જર્મની

25. કોરોના મહામારીથી બચવા માટે ભારતમાં ચીન અને હોંગકોંગથી આવી રહેલા યાત્રીઓનું થર્મલ સ્ક્રિનિંગ કરવાનો પ્રારંભ કયારથી થયો હતો ? – 18 જાન્યુઆરી, 2020

26. કોરોના મહામારી સામે લડવા માટે ફંડ એકઠુ કરવા માટે અથવા તો દાન મેળવવા માટે ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા કયા ફંડની રચના કરવામાં આવી છે ?

– PM CARES FUND

27. PM CARES FUNDનું પૂરું નામ શું છે ?

– Prime Ministers Citizen Assistance and Relief in Emergency Situations Fund

(આપત્તિની સ્થિતિમાં વડાપ્રધાન નાગરિક સહાયતા અને રાહત ફંડ)

28. ભારતમાં પ્રાદેશિક ગ્રામીણ બેન્કોની સ્થિતિ સુધારવા માટે કેટલા રૂપિયાની પુનર્મૂડીકરણ (Recapitalization) યોજનાને મંજૂરી આપવામાં આવી છે ? – 1340 કરોડ રૂપિયા

29. કોરોના મહામારી સામે લડવા માટે ગુજરાતમાં ગાંધીનગર ખાતે આવેલા કયા સેન્ટરમાં 24X7 સેન્ટ્રલાઈઝડ કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો છે ?

– સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં

30. કોરોના મહામારી સામે લડવા માટે ગુજરાત સરકારે શરૂ કરેલા 24X7 સેન્ટ્રલાઈઝડ કંટ્રોલરૂમનો હેલ્પલાઈન નંબર શું છે ? – 1070 (ઉપરાંત 079-23251900)

(લોકડાઉનના સમયગાળા દરમિયાન ગુજરાતમાં આવશ્યક ચીજવસ્તુઓ – સેવાઓ વિનાવિઘ્ને નાગરિકોને મળી રહે તે માટે આ હેલ્પલાઈન નંબર શરૂ કરવામાં આવ્યા છે.)

31. વિશ્વવ્યાપી કોરોના વાઈરસ COVID 19 સામે લડવા માટે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કયા ફંડમાં ઉદાર હાથે દાન આપવા સૌ નાગરિકોને અપિલ કરી હતી ? – મુખ્યમંત્રી રાહત નિધિ (અથવા તો મુખ્યમંત્રી રાહત ફંડ)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(મુખ્યમંત્રી રાહત નિધિમાં આપવામાં આવતું દાન આવકવેરાની કલમ 80-G હેઠળ કરમુક્તિને પાત્ર છે.)

32. મુખ્યમંત્રી રાહત નિધિમાં આપવામાં આવતું દાન આવક–વેરાની કઈ કલમ હેઠળ કરમુક્તિને પાત્ર છે ? – કલમ 80-G

33. ગુજરાતમાં કોરોના મહામારી દરમિયાન લોકોની સહાયતા માટે જિલ્લા કક્ષાએ કયો હેલ્પલાઈન નંબર કાર્યરત કરવામાં આવ્યો છે ? – 1077

34. ગુજરાતમાં કોરોના મહામારીને પગલે GEBના માર્ચ – એપ્રિલના વીજ બિલ ભરવાની મુદત વધારીને કેટલી કરવામાં આવી છે ? – 15 મે, 2020

35. ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગના વર્તમાન (28 માર્ચ 2020ની સ્થિતિએ) અગ્રસચિવ કોણ છે ? – ડો. જયંતિ રવિ

36. ગુજરાતમાં કોરોના વાઈરસની અપડેટ વિગતો માટે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા કયું ડેશબોર્ડ કાર્યરત કરવામાં આવ્યું છે ? – http://gujcovid19.gujarat.gov.in
(આ ડેશબોર્ડ પર દિવસમાં બે વખત કોરોનાના કેસોની યાદી અપડેટ કરવામાં આવે છે.)

37. લોકડાઉનના કારણે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અધિકારિતા અને આદિજાતિ વિભાગના છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓના પરિવારને તકલીફ ન પડે તે માટે એક માસ માટે તેમના ખાતામાં કેટલા રૂપિયા જમા કરાવવાનો ગુજરાત સરકારે નિર્ણય કર્યો છે ? – રૂ. 1500

38. કોરોના લોકડાઉનને સફળ બનાવવા માટે દિવસ–રાત ફરજ પર કાર્યરત રહેતા ગુજરાતના પોલીસ–સુરક્ષાકર્મીઓ માટે કોરોનાની અસરથી નિધન થવાની સ્થિતિમાં ગુજરાત સરકારે કેટલા રૂપિયાની સહાયની જાહેરાત કરી છે ? – રૂ. 25 લાખ

39. ગુજરાત સરકારે ગુજરાતના દરેક જિલ્લામાં જિલ્લા મથકોએ કેટલા બેડની આઈસોલેશન હોસ્પિટલ બનાવવાની જાહેરાત કરી છે ? – 100 બેડની

40. કોરોના કહેરને ડામવા માટે ગુજરાત સરકાર દ્વારા રેકોર્ડ 6 દિવસમાં કેટલા બેડની કોવિડ હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે ? – 2200 બેડની
(જેમાંથી અમદાવાદમાં 1200 બેડની ગુજરાતની સૌથી મોટી કોવિડ હોસ્પિટલ ઉપરાંત સુરતમાં 500, રાજકોટમાં 250 અને વડોદરામાં 250 બેડની હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**41.** નોવેલ કોરોના વાઈરસ સંક્રમણ અટકાવવા માટે કોરેન્ટાઈનમાં રખાયેલા ટ્રાવેલર માટે ગુજરાતના કયા શહેરના પોલીસ કમિશનર દ્વારા **CMC COVID-19 TRACKER** મોબાઈલ એપ્લિકેશન કાર્યરત કરવામાં આવી છે ? – સુરત

(સુરતમાં શરૂ કરવામાં આવેલા આ પ્રોજેકટને સફળતા મળશે તો ગુજરાતના અન્ય શહેરોમાં પણ તેને કાર્યરત કરવામાં આવશે. કોરેન્ટાઈનનો ચુસ્ત અમલ કરાવવા માટે આ એપ ઉપયોગી છે.)

**42.** તાજેતરમાં ચર્ચામાં રહેલ **'Moratorium'** અથવા તો **'Moratorium Perriod'** નો અર્થ શું થાય છે ? – મુક્તિ સમય અથવા **EMI** હોલિડે

(આ પિરિયડ દરમિયાન લોન ધારકને કેટલાક મહિના માટે **EMI** ચૂકવવામાંથી મુક્તિ મળે છે. તાજેતરમાં **RBI** દ્વારા ટર્મ લોનના **3 EMI** ચૂકવવામાંથી મુક્તિ આપવાની જાહેરાત કરવામાં આવી હોવાથી આ શબ્દ હાલ ચર્ચામાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT